# મારી વાત

આપણે ત્યાં સદીઓ પહેલાં બાળકને રમવા, પોષવા, સંસ્કારવા માટે પંચતંત્ર ને હિતોપદેશની પશુપક્ષી અને માણસનાં સહિયારાં પાત્રોવાળી વાતો આવી. વન, ઉપવન, જંગલ, પહાડો ને નદીઓના પર્યાવરણ પોષક પરિવેશ સાથે નીતિશાસ્ત્રના રોચક બોધિછોડ રોપાયા. પ્રાદેશિક ભાષાઓએ પણ એ છોડ વિકસાવ્યા ને બાળસાહિત્યનું મોકળું મેદાન રચાયું. કલ્પનાલોક ને રમ્ય સાહસકથાઓથી પેઢીઓનું મનોરંજન સાથે ઘડતર થયું. પણ દિવસે દિવસે જીવન સંકુલ બન્યું. વિજ્ઞાન, ટેકનોલોજી અને રાજસત્તાએ અર્બનજીવન પોષ્યું. બાળકના વિસ્મયમાં શિક્ષણ ઉમેરાયું. અનુભવની ક્ષિતિજો તેજીથી વિકસી. બાળકનું મનોરાજ્ય માત્ર કલ્પનાલોક ને રમ્ય સાહસયાત્રાઓ પૂરતું જ મર્યાદિત ન રહ્યું. કઠણ દુનિયાના વાસ્તવિક અનુભવોએ તેના ભાવજગતને, તેની જિવાતી જિંદગીને રગદોળી હચમચાવી નાખ્યું. શારીરિક ઉંમરના મુકાબલે માનસિક ઉંમર વધારે મોટી અને પાકટ બની.

પણ બાળકના તળ-વાસ્તવ-જગત સાથેના સંઘર્ષો, તેમની નિર્દોષ કિલકારીઓ ને કરુણાન્તિકાઓના વિષયો, પ્રૌઢ કલમોના પરિઘ બહાર રહી જતાં જણાય છે. બાળમાનસને પામવા-પ્રમાણવાના ટાગોર, આર.કે. નારાયણ જેવા ગંભીર પ્રયત્નોની ઉણપ વર્તાય છે. આતંક, બળાત્કાર, ઘરેલું હિંસા, ભ્રષ્ટાચાર, રાષ્ટ્રવાદ જેવા તોતિંગ રોકડિયા વિષયો સામે કદાચ નાજુક કળીઓની બૃહદ દુનિયા હાંસિયામાં રહી જતી અનુભવાય છે.

એક બાળક મારા અસ્તિત્વમાં જીવનની– આટાપાટા, અગરપાટ, ખારોપાટ, લૂણનો પટ જેવી રમતોની ઠોસ લપેટો ખમતું રહે છે, ઝઘડતું રહે છે, આઉટ થતું રહે છે. પરિવેશ ગમે તે હોય, મારી સર્જકતા બાળકની તળ મનોવેદના પામવા, માણવા, પ્રમાણવા મથતી હોય છે. ૨૦૦૦થી ૨૦૦૫ દરમિયાન લખાયેલી, અગ્રગણ્ય સામયિકો, સંપાદનોમાં પ્રસિદ્ધ થયેલી 'સિતારે જમીન પર' જેવી વાર્તાઓમાં વિકસતી કળીઓની કલ્પનાસભર તળ સંવેદનાઓ બહુધા ઝીલવાનો નમ્ર નવોન્મેષ છે.

'આટલું મોડું કેમ?' આ સવાલ આપ મને પૂછો એટલો જ હું (ડિમાન્ડ સપ્લાયના જમાનામાં) આપને પૂછું!!

મોડે મોડે પણ નિર્મળ બાલસૃષ્ટિને કલાઘાટમાં કંડારવાની ઉફરી શબ્દયાત્રાનો અતુલ્ય આનંદ આપના હાથમાં.

જન્માષ્ટમી, સંવત ૨૦૮૧ **– હસમુખ કે. રાવલ**

# તીતલીલૅન્ડ

સ્કૂલ-રિક્ષામાંથી તીતલી ઊતરી ત્યારે આકાશમાં ઘરર... ઘરર... થતું હતું. એક છોકરી બોલીઃ "વિમાન... વિમાન..." ને રિક્ષાની બધી ઊંદરડીઓ બહાર. "એ જાય... ઓ જાય..."નું સમૂહગીત ચાલ્યું. તીતલીએ ઊંચે જોઈ કહ્યું, "અલી મૂરખીઓ, આને હેલિકૉપ્ટર કહેવાય, એમ મારા પપ્પા..." આકાશમાં ચકરાતી તેની આંખો બીજે માળે સુકાતાં કપડાં વચ્ચે અટકી ગઈ ને જીભ ઠરી ગઈ. પપ્પા હતા, હસતા હતા. નીચેનું તીતલી-મંડળ જોતા હતા ને હાથનો ફ્લેગ ફરકાવતા હતા. "પપ્પા..." મોટેથી બૂમ મારતી તીતલી ઊડી તો ફ્લેટના ઉઘાડા બારણા સામે સામૈયું કરવા પપ્પા હાજર. રોજનાં બંધ બારણાં ને તાળાચાવીની આકરી કસરતને બદલે આજે દફ્તર સાથે પપ્પાએ જ તેડી લીધી. હસતા બે ચહેરા બકી-બકી રમ્યા-ન રમ્યા ત્યાં "છોડો, ભૈ છોડો... હાય... હા... કેટલી બધી ગરમી!" હાથપગ છટપટાવતી તીતલી પપ્પાની પકડમાંથી નીચે સરકી ગઈ ને પંખો ઑન કરી દીધો તે ફાસ્ટંફાસ્ટ...

કપડાં બદલતાં તીતલીને થયુંઃ આ સાચા પપ્પા છે કે રોજના જેવા? ખાતરી કરવા તે બહાર આવી તો લાગ્યું કે સાચુકલા જ પપ્પા છે, છાપું વાંચે છે. બાકી રોજના, રોજના પપ્પા તો એકાદ મિનિટ દેખાય ને ગાયબ થઈ જાય... ને વળી પાછા અચાનક ક્યાંક જડી પણ જાય...

"ચાલ જમવા." ટેબલ પર બધું તૈયાર હતું. પાણી સુધ્ધાં.

"પપ્પા, તમે બપોરે ક્યાંથી?"

"તું જ તો રોજ રાડ ખાય છેઃ બપોરે એકલીને નથી ફાવતું... નથી ફાવતું..."

"તે?"

"આજે મેં આ ટાંટિયો જ તોડી નાખ્યો! રોજ હું એને ઘણું કરગરતો; "પગભાઈ, થોડી મહેરબાની કરો. માત્ર એક જ દિવસ ઘરમાં ટકી જાઓ. તીતલીને ગમતું નથી. પણ સાલો માને જ નહીં. તે આજે સવારે બાથરૂમમાં સાલાને એવો પટક્યો કે..."

"અરેરેરે..." તીતલીએ પગના પાટાને અડકતાં પૂછ્યું, "તમને દુઃખતું નથી?"

"ના રે ના," પપ્પાએ હસતાં હસતાં પાટો છોડતાં કહ્યું, "બધું ખોટેખોટું!"

"પણ ખોટું કેમ?"

"આપણી મમ્મી ખરી ને!"

"તે શું?"

"તને નહીં સમજાય!"

"કેમ નહીં સમજાય?"

"તું નાની છે."

"નાની છું?"

"ના, ખાસ્સી સાડાચાર વેંતની મોટ્ટી."

"હં..."

મમ્મીને રજા બચાવવાની ખૂબ જ લાય તે મોં ફુલાવી કહેઃ "ખોટ્ટી રજા નહીં બગાડવાની. અત્યારથી જ સાત તો વપરાઈ ગઈ."

તીતલીએ તાળીઓ પાડીને કહ્યું, "ફરીથી બોલો ને પપ્પા, પ્લીઝ?"

"આમ, મોં ફુલાવી બોલેઃ ખોટ્ટી રજા નહીં બગાડવાની...!"

"મમ્મી છે તો એવી જ. સાવ સ્વાર્થીલી?"

"તને કોણે કહ્યું?"

"બાજુવાળાં આન્ટીએઃ 'ચાલ બકુ મારે ત્યાં રમવા' કહી પરાણે લઈ જાય ને મને ઘોડિયાની દોરી પકડાવી પોતે ટી.વી. જુએ કે નસકોરાં બોલાવે ને ઉપરથી સંભળાવે, "તારી મમ્મી તો છે જ એવી. સાવ સ્વાર્થીલી. પૈસાની દાસી. છોકરીનો ભવ બગાડે છે."

પપ્પાનો કોળિયો હાથમાં રહી ગયો.

"કેમ એકાએક અટકી ગયા? ભાત નથી લેવાના?'

પપ્પાની જમવાની મજા મરી ગઈ, પણ જમાડવામાં મજા આવતી હતી. બંને થાળીમાં ભાત પીરસી પપ્પાએ વાતોનો દોર આગળ લંબાવ્યો.

"પણ નીચેવાળાં પેલાં – કયાં માસી?"

"રાધામાસી."

"હા. એ તો સારાં છે!"

"સારાં જ છે ને!" તીતલીએ સબડકો ભર્યો, "પણ એમનો મુન્નો જોયો છે! સાવ કૂતરા જેવો. સોફે બેસું તો 'મારો છે... મારો છે' એમ ભસવા માંડે. ને હીંચકે બેસું તોય 'મારો છે... મારો છે' કરતો કરડવા આવે. ને માસીય કહેઃ "બેટા, આપણે છોકરીની જાતને નીચે બેસીએ. એમાં શું?"

લાઇટ ડૂલ થઈ ગઈ. પંખો બંધ થયો. ઉકળાટ વધ્યો.

હાથ ધોતાં પપ્પા સ્વયં બબડ્યા. "સાલો પ્રૉબ્લેમ તો છે જ."

"શાનો પ્રૉબ્લેમ?"

"તારો."

"મારો કોઈ પ્રૉબ્લેમ નથી."

"ઘરમાં એકલી એકલી તને ફાવે?"

"કેમ ના ફાવે? ને હું એકલી ક્યાં હોઉં છું? તમે બંને પણ સાથે હોવ જ છોને! આ તો બપોરે તમે સર્વિસ પર જતા રહો એટલે લાઇટ જતી રહી હોય એવું લાગે. સહેજ અંધારું લાગે. પંખા વગર ઉકળાટ લાગે, પણ ઘર, ટી.વી. ને મારી રમતો તો હોય જ ને! તે રમ્યા કરું ને મમ્મી આવે કે ફુલ લાઇટ થઈ જાય... ને લાઇટની પાછળ પાછળ પંખો..."

પંખો ફરવા માંડ્યો. લાઇટ આવી ગઈ હતી. તીતલીએ હાથ ધોયા. પપ્પા થાળીઓ ઉઠાવવા લાગ્યા તો તીતલી વચ્ચે પડી, "રહેવા દો, એ તો મને આવડે છે."

વરિયાળી ચાવતાં પપ્પા પલંગ પર પડ્યા ને તીતલી બોલી, "ફોનંફોની રમવું છે?"

"આપણા ઘરમાં ફોન ક્યાં છે?"

"અરે, એક નહીં હજાર ફોન છે ને ઉપરથી હૉટ લાઇન પણ." તીતલીએ કાન પર હાથ ધર્યો ને બોલી, "હલ્લો, મમ્મી. હું ઘેર આવી ગઈ છું. જમી લીધું ને પપ્પા સાથે ગપસપ ચાલે છે. લે, પપ્પા સાથે વાત કર." તીતલીએ મુઠ્ઠીવાળો હાથ પપ્પા સામે ધર્યો. પપ્પાએ પણ હાથ લંબાવી મુઠ્ઠી વાળી પછી કાને ધર્યો "પગે દુઃખાવો છે ને તીતલીની વાતોથી વધી જાય છે." તીતલીએ પપ્પાને ગુંબો મારતાં કહ્યું, "ખોટ્ટુકડા..." ને પપ્પાએ સુધાર્યું "ના... ના... વાતોથી દુઃખાવો ઘટે પણ છે!" ને ફોન મુકાયો.

"બોલો, તમારી ઑફિસમાંય મારા ફોન આવે છે કે નહીં?"

"હા... હા... આવે જ છે ને! મારું શાર્પનર જડતું નથી. શું કરું? ને હું શો જવાબ આપું છું તે તું કહે!"

"તમે કહોઃ હું ઘરે આવતાં શાર્પનર, પેન્સિલ ને ઇરેઝરનાં બૉક્સ લેતો આવીશ. ને હું મારો બર્થડે હોય એમ ખુશ ખુશ થઈ જાઉં."

"એક્ઝૅક્ટલી."

"ને સાંજે તમે ખાલી હાથે જ આવો."

"એક્ઝૅક્ટ... સૉરી બેટા, ઑફિસના કામમાં..."

પપ્પાજી તીતલી સાથે આંખ ન મિલાવી શક્યા. ને છાપાનાં પાનાં વચ્ચે મોં સંતાડ્યું.

"તો તમે આરામ કરો ને હું મારે એકલી રમું."

"ના રે. તારી સાથે મનભરી રમવા માટે તો રજા લીધી છે." છાપું ફગાવતાં પપ્પાએ પૂછ્યું, "બોલ પછી તું શું કરે?"

"ટી.વી. મચોડ મચોડ કરવાનું. ફટાફટ ચૅનલો બદલવાની. ઍડ્. જોવાની. બઢતે બચ્ચોં કે લિએ જોઉં ત્યાં મારું ફ્રૉક ટૂંકું પડી જાય. ચાર બુંદોવાલી જોઉં ને ફ્રૉક બગલાની પાંખ થઈ જાય. એસેલવર્લ્ડ મેં જાઉંગા મૈં ઘર કો નહીં નહીં જાઉંગા મૈં. જોવા તો તરસી જવું પડે. કલાકોનું તપ કરવું પડે. એક દિવસ 'હમ સબ સાથ-સાથ હૈં' આવવાનું હતું. તે મારી એક બાજુ મમ્મીની સાડી પહેરાવી ઢીંગલી-મમ્મી બેસાડી હતી, બીજી બાજુ તમારો પેલો ફ્રેમ કરેલો ફોટો ને વચ્ચે

હું ને શરૂ થયું 'હમ સાથ-સાથ હૈ' ને 'મારે હિવડા મેં નાચે મોર તક્ થૈયા... થૈયા...' તમારે ડાન્સ જોવો છે?"

"હા જ તો."

તીતલીએ ફટ કૅસેટ કાઢી પ્લેયરમાં મૂકી આઘી-પાછી કરી ને 'જુઓ, હસવાનું નહીં હોં?"

"હા."

"પ્રૉમિસ?"

"પ્રૉમિસ."

ને મમ્મીની સાડીનો ટુકડો ઓઢી 'તક્ થૈયા... થૈયા?' ચાલ્યું. પપ્પા ઝૂમી ઊઠ્યા. ગીત પૂરું થતાં તીતલીએ પ્લેયર સ્ટૉપ કર્યું ને હાંફતાં હાંફતાં બોલી, "તમે તે કેવા પપ્પા છો? તાળીઓ તો પાડો!"

"તેં જ તો ના પાડી હતી!"

"હસવાની ના પાડી હતી. તાળીઓ તો પડાય. અમારી સ્કૂલમાંય બધા તાળીઓ પાડે છે."

"ચાલ ફરી શરૂ કર. આ વખતે તાળીઓ પાડીશ. બસ."

થોડી વારે ફરી 'તક્ થૈયા... થૈયા' શરૂ થયું. ગીત ક્યારે પૂરું થાય તેની પપ્પાને જાણ નહીં. તે એક અંતરો પૂરો થયો ને પપ્પાએ તાળીઓ પાડવી શરૂ કરી. "અત્યારે નહીં... અત્યારે નહીં... હજુ બાકી છે..." તીતલી બોલતી રહી. તોય ગીત ચાલતું રહ્યું. ડાન્સ પણ ચાલતો રહ્યો ને તાળીઓ પણ...

"જુઓ મમ્મીને નહીં કહેવાનું."

"કેમ?"

"એ મારી પાસે ડાન્સ કરાવશે."

"તે કરવાનો!"

"શું ધૂળ કરવાનો? મને તેના જેટલો સરસ થોડો આવડે છે?"

"મમ્મીને ડાન્સ આવડે છે?"